आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

## ડાંગ-આહવા

ક્રમાંક:ફજદ/વશી- ૭૩ થી ૭૮/૨૦૨૨ તા. ૭/૦૧/૨૦૨૨

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામું.

નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.૨૨/૧૨/૨૦૧૫ તથા તા.૧૩/૦૧/૨૦૧૭ નાં હુકમ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ નવી દિલ્હીનાં હુકમ તા.૧૧/૦૭/૨૦૧૬થી આપેલ ડાયરેકશન અન્વયે આગામી ઉત્તરાયણનાં તહેવાર દરમ્યાન સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ/ફાનસ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક/સિન્થેટીક દોરીનાં ઉપયોગથી પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન,આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતને ધ્યાનમાં લેતા પતંગ ચગાવવાના નાયલોન અથવા સિન્થેટિક માંઝા/ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક/સિન્થેટીક દોરી,સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન બાયોડિગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ હું પી.એ.ગામીત,(જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ ની કલમ -૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર ડાંગ જિલ્લાના હદ વિસ્તારમાં સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ/ફાનસ),ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક/ સિન્થેટીક દોરી,સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન બાયોડિગ્રેબલ હોય તેવી દોરી,કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ ડાંગ જિલ્લાનાં સાપુતારા ગીરીનગર નોટીફાઈડ એરીયા સહિત સમગ્ર ડાંગ જિલ્લાનાં મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

ઉકત હુકમ આજથી તા.૨૦/૦૧/૨૦૨૨ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સમયમર્યાદામાં વ્યકિતગત રીતે લોકોને નોટીશ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શકય ન હોઈ એક તરફી હુકમ કરવામાં આવે છે. આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઇ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને,લાઉડ સ્પીકર,વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજા, દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે. સદરહુ કામગીરી માટે પોલીસ ફરિયાદ માંડવા નાયબ પોલીસ અધિક્ષક થી હેડ કોન્સ્ટેબલ સુધીના દરજ્જાના પોલીસ અધિકારી/કર્મચારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૭/૦૧/૨૦૨૨ નાં રોજ મારી સહી/સિકકો કર્યો.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ-આહવા

(પી.એ.ગામીત)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,

મેનેજરશ્રી, સરકાર છાપકામ અને લેખન સામગ્રી,વડોદરા.

૨/- ઉપરોકત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

ફોન નં. (૦૨૬૩૧) ૨૦૨૦૨૦૧ ફેક્સ નં.(૦૨૬૩૧) ૨૨૦૨૯૪ E-mail- collector-dan@gujarat.gov.in

**નકલ સવિનય રવાના : –**

૧. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,ડાંગ–આહવા તરફ :
૨. ઉપ સચિવશ્રી,કાયદો અને વ્યવસ્થા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૩. નાયબ સચિવશ્રી ગૃહવિભાગ,સચિવાલય ગાંધીનગર.
૪. અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ.
૫. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી સુરત, રેન્જ જિ.સુરત.
૬. એડીશનલ ડિસ્ટ્રીક્ટ સેસન્સ જજશ્રી, ડાંગ-આહવા.
૭. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ડાંગ–આહવા તરફ : બહોળી પ્રસિધ્ધિ અર્થે.
૮. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિ.પં.ડાંગ–આહવા.
૯. નાયબ વન સંરક્ષકશ્રી,ઉત્તર/દક્ષિણ ડાંગ વન વિભાગ,આહવા.

**નકલ જયભારત સહ રવાના : –**

૧. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,ડાંગ–આહવા.
૨. ચીફ ઓફિસરશ્રી,નોટીફાઈડ એરીયા કચેરી,સાપુતારા
૩. કાર્યપાલક ઈજનેરશ્રી,માxમ વિભાગ સ્ટેટ,ડાંગ–આહવા.
૪. કાર્યપાલક ઈજનેરશ્રી,માxમ વિભાગ,જિ.પં.ડાંગ–આહવા.
૫. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી,ફ.ક.કોર્ટ,આહવા/વઘઈ/સુબીર જિ.ડાંગ.

**નકલ રવાના : –**

૧. એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેશ્રી,આહવા/વઘઈ/સુબીર જિ.ડાંગ
૨. મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી,આહવા–ડાંગ
૩. સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી,આહવા–ડાંગ.
૪. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,આહવા/વઘઈ/સાપુતારા/સુબીર જિ.ડાંગ.

**નકલ વધારાની પાંચ નકલો સહીત રવાના : –**

૧. માહિતી નિયામકશ્રી ડાંગ તરફ : આ જાહેરનામાનાં મુસદ્દાની સ્થાનિક સમાચાર પત્રોમાં આઈટેમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે જાહેરાત કરવા સારૂં.

**નકલ :** – આકાશવાણી કેન્દ્ર,આહવા જિ.ડાંગ તરફ : જરૂરી કાર્યવાહી થવા સારૂં.

**નકલ :** – હુકમ ફાઈલે / નોટીશ બોર્ડ ઉપર : બહોળી પ્રસિધ્ધિ માટે.